| | | | |
|---|---|---|---|
| GJRJ040009642025 | सत्यमेव जयते | રજુ કર્યા તારીખ : | ૧૨/૦૩/૨૦૨૫ |
| | | દાખલ તારીખ : | ૧૨/૦૩/૨૦૨૫ |
| | | ફેંસલ તારીખ : | ૧૭/૦૪/૨૦૨૫ |
| | | સમયગાળો : | વર્ષ માસ દિવસ<br>**૦૧ ૦૧ ૦૫** |

**<u>ગોંડલના મ્હે. એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. ગોંડલ.</u>**

**ફોજદારી કેસ નંબર: ૭૧૩/૨૦૨૫**
**આંક:**

**ફરિયાદી:** **ચંદુભાઇ છગનભાઇ સાવલીયા,**
રહેઃ-કાનપર રોડ, શિવમંદિર સામે,
મોટા દડવા, તા.ગોંડલ,જી.રાજકોટ.

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી:** **(૧) કે.કે. પટેલ જનરલ મરચન્ટ એન્ડ મીશન એજન્ટ**

**(૨) કાબાભાઇ ખોડીફાડ,**

**(૩) અંકિતભાઇ કાબાભાઇ ખોડીફાડ,**
રહેઃ-દુકાન નં.૨, ગેઇટ નં.૨,માર્કેટીંગ યાર્ડ,
મહુવા,જી.ભાવનગર.

**ગુન્હો :-** **<u>નેગોશીએબલ ઇનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ</u>.**

------------------------------------

**ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી એ.કે.ધોરી/એમ.ડી.રૈયાણી**
**બચાવ પક્ષે વિ.વ.શ્રી એસ.એન.પરમાર**

------------------------------------

**:: ચુ કા દો ::**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે, ફરીયાદી ખેડૂત છે અને તેમની જમીનમાં તમામ જણસી પાકોનુ વાવેતર કરી ખેતપેદાશ મેળવે છે તેમજ આજુબાજુના ગામમાંથી ખેતપેદાશની જથ્થાબંધ ખરીદી કરી યાર્ડ તથા વેપારીને વેચાણ કરે છે. આરોપીઓ નં.૨–૩ પિતા તથા પુત્ર થાય છે અને મહુવા ગામે આરોપી નં.૧ ના નામથી ખેતપેદાશના જનરલ કમીશન એજન્ટ તરીકે વેપાર ધંધો કરે છે. ફરીયાદી આજુબાજુના વિસ્તારના ગામડામાં જઈ ખેત પેદાશોનો માલ જોઈ ભાવતાલ નકકી કરી બાદમાં વાહન લઈ માલ ત્રાજવે જોખી અને માલ ખેતપેદાશની જાંગડ ખરીદી કરે છે. આ જાંગડ ખરીદીમાં તેઓ પાસે કોઈ રજીસ્ટર કે લાયસન્સ ન હોય પરંતુ ગામડે ગામડે જઈને ખેતપેદાશોનો ભાવતાલ નકકી કરી, વજન કરી, માલ ખરીદ કર્યાની કાચી ચીઠ્ઠી બનાવી તેઓ તથા વેચનાર ખેડૂતની સહિ કરી કાચી ચીઠ્ઠી ખેડૂતોને આપી તેઓએ ખરીદ કરેલ તમામ ખેતપેદાશનુ પેમેન્ટ કરે છે. આરોપીઓની પેઢીમાં ડુંગળીનુ વેચાણ કરવા માટે તેઓએ આઈશર ગાડી નં.G.J-03-AW-0084 ભાડે કરી આરોપીઓની પેઢીમાં ડુંગળી મોકલાવેલ જે બદલ આરોપીઓએ તેઓને બીલ આપેલ જે બીલ મુજબ (૧) કટ્ટા–૨૮૬, વજન–૧૪૩૫૦, ભાવ–૨૬૯, રકમ રૂા.૧,૮૧,૫૬૭ બીલ નં.૫૭૫, તા.૦૧–૦૫–૨૦૨૪, (૨) કટ્ટા–૨૯૦, વજન–૧૪૭૨૦, ભાવ–૨૭૯, રકમ રૂા.૧,૯૩,૫૭૬, બીલ નં.૫૭૬, તા.૦૩–૦૫–૨૦૨૪, (૩) કટ્ટા–૨૭૦, વજન–૧૩૪૨૦, ભાવ–૨૭૯, રકમ રૂા.૧,૮૭,૨૦૯, બીલ નં.૫૭૭, તા.૦૩–૦૫–૨૦૨૪, (૪) કટ્ટા–૨૦૯, વજન–૯૭૫૦, ભાવ–૨૫૭, રકમ રૂા.૧,૨૫,૨૮૭, બીલ નં.૫૭૮,તા.૦૬–૦૫–૨૦૨૪, એમ મળી કુલ રૂા.૬,૮૭,૬૪૭–૦૦ નો માલ મોકલેલ જે આરોપીઓને માલ મળી ગયા બાદ આરોપીઓએ ગાડી ભાડુ રૂા.૨૨,૬૪૭– રોકડા ચુકવી આપેલા અને બાકી રહેતી રકમ **રૂા.૬,૬૫,૦૦૦/– ( અંકે રૂા. છ લાખ પાસઠ હજાર પુરા)** પેટે નો HDFC બેન્ક મહુવા શાખાનો ચેક નં. ૦૦૦૦૭૫, તા.૧૫-૦૭-૨૦૨૪ ના રોજનો આરોપી નં.૩ નાએ સંપૂર્ણ વિગતો ભરી સહિ કરી તેઓને આપેલ અને

જણાવેલ કે " હાલ રૂા.૧.૨૦.૦૦૦/–( અંકે રૂા. એક લાખ વીસ હજાર પુરા) માલ વેચાણ પેટે ચેક આપુ છુ અને આ ચેકમાં લખ્યા તારીખથી અઢી મહિના પછી તમારા બેન્ક ખાતામાં જમાં કરાવશો એટલે તમોને ચેક મુજબની રકમ મળી જશે અને બાકી રહેતી રકમ **રૂા.૫,૪૫,૦૦૦/–( અંકે રૂા. પાંચ લાખ પીસ્તાલીશ હજાર પુરા)** ૨૦૨૫ ના જાન્યુઆરી મહિનામાં ચૂકવી આપીશ " જેથી ફરીયાદી અને આરોપીઓ વચ્ચે વેપારીના સંબંધો હોય આરોપી પર વિશ્વાસ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત નંબર અને તારીખવાળો ચેક સ્વિકારેલ આરોપીએ આપેલ HDFC બેન્ક મહુવા શાખાનો ચેક નં.૦૦૦૦૭૫, તા.૧૫-૦૭-૨૦૨૪ ના રોજનો ફરીયાદીએ તેમની ખાતાવાળી બેન્ક રાજકોટ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેન્ક લી. કોટડાસાંગાણી શાખામાં તા.૧૧-૧૦-૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદર ચેક " ફન્ડ ઇનસફીસ્યન્ટ " ના શેરા સાથે તા.૧૪-૧૦-૨૦૨૪ ના રોજ બેંકના રીટર્ન મેમા સાથે પરત ફરતા તેઓએ આરોપીઓને ફોન કરી ચેક મુજબની રકમ તથા બાકી રહેતી રકમ રૂા.૫,૪૫,૦૦૦/–( અંકે રૂા. પાંચ લાખ પીસ્તાલીશ હજાર પુરા) ની માંગણી કરતા આરોપી નં.૩ નાએ જણાવેલ કે " તમને ભૂલથી મારા પર્સનલ ખાતાનો ચેક અપાઇ ગયેલ છે. ખરેખર તમને પેઢીના નામનો ચેક આપવાનો હતો એટલે ચેક રીટર્ન થયેલ છે. આપણે વાત થયા મુજબ હુ તમને તમારી બાકી રહેતી રકમ રૂા.૫,૪૫,૦૦૦/– ચુકવવા મારી પેઢીના નામના બે ચેકો આપુ છુ અને ચેક રીટર્નની રકમ રૂા.૧,૨૦,૦૦૦/– પુરા જાન્યુઆરી–૨૦૨૫ ના ચેકો કલીયર થતા બાદ રોકડા ચૂકવી આપીશ". આમ, કહી આરોપી નં.૩ નાએ ફરીયાદીને આરોપીઓની પેઢીના નામના ચેકોની સંપૂર્ણ વિગતો ભરી સહિ કરી બે ચેકો આપેલ જેમા (૧) ચેક નં.૦૦૦૨૩૭, HDFC બેન્ક મહુવા શાખા, રૂા.૨,૪૫,૦૦૦/- તા.૨૦–૦૧–૨૦૨૫ તથા (૨) ૦૦૦૨૩૯, HDFC બેન્ક મહુવા શાખા, રૂા.૩,૦૦,૦૦૦/- તા.૨૦–૦૧–૨૦૨૫ ના આપેલા. આરોપીએ આપેલ HDFC બેન્ક મહુવા શાખાની આરોપીઓની પેઢીના નામના બંન્ને ચેકો ફરીયાદીએ તેમની ખાતાવાળી રાજકોટ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેન્ક લી. મોટા દડવા શાખામાં તા.૨૨-૦૧-૨૦૨૫ ના

રોજ જમા કરાવતા સદર બંન્ને ચેકો " ફન્ડસ ઈન્સફીસ્યન્ટ " ના શેરા સાથે તા.૨૭-૦૧-૨૦૨૫ ના રોજ બેન્કના રીટર્ન મેમા સાથે પરત ફરેલ જેથી તેઓને આશ્ચર્ય થયેલ અને આરોપીઓને ફેન કરી બંન્ને ચેક મુજબની રકમ રૂા.૫,૪૫,૦૦૦/- પુરા તથા પ્રથમ ચેક રીટર્ન થયાની રકમ રૂા.૧,૨૦,૦૦૦/- પુરા મળી કુલ રૂા.૬,૬૫,૦૦૦/- ( અંકે રૂા. છ લાખ પાસઠ હજાર પુરા) ની માંગણી કરતા આરોપીઓએ કોઇ જવાબ આપેલ નહિ. આરોપીઓને તેઓએ ડુંગળી વેચાણ પેટેના આપેલા ચેકો પરત ફરતા આરોપીઓએ ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગંભીર અપરાધ કરેલ છે. આરોપીઓએ તેઓની સાથે છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરેલ હોય જેથી તેઓએ સદર ચેકો તથા તેમની લેણી રકમ રૂા.૫,૪૫,૦૦૦/ પુરાના ચેક રીટર્નની લેણી રકમની નોટીસ પેઢી તથા બંન્ને આરોપીઓના નામથી વકીલશ્રી મારફતે તા.૦૭-૦૨-૨૦૨૫ ના રોજ પેઢીના સરનામે રજી.એડી. થી મોકીલ આપેલ જે નોટીસ આરોપીઓને બજી જવા છતાં તેઓની લેણી રકમ આરોપીઓએ ચુકવેલ ન હતી. આરોપીઓને નોટીસ આપવા છતાં તેઓની લેણી રકમ રૂા.૫,૪૫,૦૦૦/- નહિ ચુકવતા આરોપીઓ વિરૂઘ્ધ હાલની ફરીયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨)** ત્યારબાદ હાલની ફરીયાદ લગત આરોપી નં.-૩ અંકિતભાઇ કાબાભાઇ ખોડીફાફ વિરૂઘ્ધ સમન્સ કાઢવાનો હુકમ થતાં તેઓ હાજર થયેલા અને બી.એન.એસ.એસ કલમ-૨૩૦ મુજબ ફરીયાદપક્ષના કેસની તમામ નકલો તેઓને આપ્યા બાદ બી.એન.એસ.એસ. કલમ-૨૭૪ મુજબ આરોપીની પ્લી નોધતા તેઓએ ગુનો કબુલ નથી તેમ જણાવેલ હોય હાલનુ કામ આગળ ચાલેલ છે.

**(૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૯ થી ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજોને આંક આપવાની અરજી રજુ થતા અદાલતે દસ્તાવેજોનુ સ્વરૂપ ધ્યાને લઇને દસ્તાવેજને આંક આપવાનો હુકમ કરેલો છે.

(૪) આ કામે ફરિયાદપક્ષે તેમની ફરિયાદના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**–:: મૌખિક પુરાવા::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની સોગંદ ઉપર સરતપાસ | ૦૪ |
| ૨ | મહેશભાઇ હમીરભાઇ જાદવની સરતપાસ. | ૩૩ |
| ૩ | હરેશભાઇ કાળુભાઇ બોરીચાની સરતપાસ. | ૩૪ |

**–::દસ્તાવેજી પુરાવા::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીના આધારાર્ડની નકલ. | ૧૦ |
| ૨ | ડુંગળી ખરીદ કર્યાની ચીઠ્ઠીઓ. | ૧૧ થી ૧૩ |
| ૩ | બીલ નં.૫૭૫,૫૭૬,૫૭૭,૫૭૮. | ૧૪ થી ૧૭ |
| ૪ | ચેક નં.૦૦૦૨૩૭ | ૧૮ |
| ૫ | ચેક નં.૦૦૦૨૩૭ બેંકમાં ભર્યાની સ્લીપ. | ૧૯ |
| ૬ | ચેક નં.૦૦૦૨૩૭ નો રીટર્ન મેમો. | ૨૦ |
| ૭ | ચેક નં.૦૦૦૨૩૯ | ૨૧ |
| ૮ | ચેક નં.૦૦૦૨૩૯ બેંકમાં ભર્યાની સ્લીપ. | ૨૨ |
| ૯ | ચેક નં.૦૦૦૨૩૯ નો રીટર્ન મેમો. | ૨૩ |
| ૧૦ | આરોપીઓને મોકલાવેલ નોટીસ. | ૨૪ |
| ૧૧ | આરોપી નં.૧ ને નોટીસ મોકલવા પોષ્ટમાં નાણા ભર્યાની સ્લીપ. | ૨૫ |
| ૧૨ | આરોપી નં.૨ ને નોટીસ મોકલવા પોષ્ટમાં નાણા ભર્યાની સ્લીપ. | ૨૬ |
| ૧૩ | આરોપી નં.૩ ને નોટીસ મોકલવા પોષ્ટમાં નાણા ભર્યાની સ્લીપ. | ૨૭ |

ત્યારબાદ ફરીયાદપક્ષે તેઓ વધુ પુરાવો આપવા માંગતા નથી તે જાહેર કરતી પુરશીશ આંક–૩૫ થી રજુ કરતા તે રેકર્ડ કરીને ફરીયાદપક્ષનો વધુ પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ માત્ર કમીશનથી માલ વેચાણ કરવા માટે રાખેલો અને વેચાણ થયેથી ફરીયાદીને નાણા આપવાના હતા ફરીયાદીએ સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરેલો છે અને ખોટી ફરીયાદ કરેલી છે. વધુમાં આરોપી પોતે પુરાવો આપવા માંગતા નથી કે કોઇ સાહેદ તપાસવા માંગતા નથી તેમ જણાવેલ છે.

**(૫)** ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી એ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ આરોપીની સામેનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ છે. ફરીયાદી અને આરોપીની વચ્ચે વેપારિક સંબધ હોવાની હકકીતનો આરોપીએ સ્વીકાર કરેલો છે. તકરારી ચેકોમાં આરોપીની સહી નથી તેવો આરોપીનો બચાવ નથી. આ સંજોગોમાં અદાલતે ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે જયારે આરોપીપક્ષ ફરીયાદીની તરફેણમાંના અનુમાનનુ ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને દોષિત ઠરાવવા વિનંતી કરેલી છે.

જયારે આરોપીપક્ષે આંક–૩૮ થી લેખિત દલીલ રજુ કરેલી છે તે વંચાણે લીધી.

**(૬)** રેકર્ડ પરના પુરાવા ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે ?.

(૨) શું હુ ક મ ?.

ઉપરોકત મુદાઓના। મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હ કા ર માં.

(૨) આ ખ રી હુ ક મ મુ જ બ.

**(૭)** આ કામે મુદા નં.–૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, તેને પુરવાર કરવાની જવાબદારી પ્રાથમીક રીતે ફરીયાદપક્ષની છે. તે મુજબ આરોપી સામેનુ ફરીયાદપક્ષનુ બાકી લેણુ કાયદેસર રીતે વસુલ થવા પાત્ર છે અને તે કાયદેસર ના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાની અંશતઃ ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે અને તે ચેક અસ્વિકૃત થયેલ છે. તેમજ તે ચેક અસ્વિકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખીતમાં સાચા અને ખરા સરનામે જાણ કરીને ચેકના નાણાંની માંગણી કરવામાં આવેલી તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરવાની છે. આ સંદર્ભે જોઇએ તો આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૦૧ વાળી ફરીયાદ હકીકતના સમર્થનમાં આંક–૦૪ થી ફરીયાદીએ સોગંદ પર સરતપાસ આપેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે માલ આપ્યા અંગેના બીલ, અસલ ચેક, ચેક રીટર્ન મેમો, આરોપીને મોકલેલ નોટીસ, રજી.એડી. ની સ્લીપ વિગેરે રજુ કરેલ છે. આમ, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરેલ જોગવાઇઓ મુજબ ફરીયાદીએ હાલના કામે જે આવશ્યક તત્વો સાબિત કરવાના છે તે જોતા ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ચેકમાં લખેલ તારીખે અથવા ચેકની વીલીટીડી પીરીયડમાં કે બેમાંથી જે વહેલુ હોય તે પ્રમાણે રજુ કરી દેવો જોઇએ. તેના અનુસંધાનમાં હાલના કામનો પુરાવો વંચાણે લેતા આંક–૧૮ અને આંક–૨૧ વાળા તકરારી ચેક બેંકમાં રજુ કરતા તારીખ–૨૪/૧/૨૦૨૫ ના રોજ " ફંન્ડસ ઇનસફીસીયન્ટ" ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત ફરેલ છે જેનો રીટર્નમેમો અનુક્રમે આંક–૨૦ અને ૨૩ થી હાલના કામે રજુ થયેલ છે.

વધુમા ચેક ધારણ કરનાર અથવા જે વ્યકિતના નામનો ચેક છે તેણે ચેકની રકમની માંગણી ચેક પરત ફર્યાની જાણ તેઓને થાય તેના ૩૦(ત્રીસ) દિવસમાં લેખીતમાં ચેક આપનાર વ્યકિત પાસે કરવી જોઇએ. તે અનુસંધાને રેકર્ડ વંચાણે લેતા આ કામે આંક–૧૮ અને ૨૧ વાળા તકરારી ચેક પરત ફર્યા બાદ તે

અંગેની ચેકના નાણાંની માંગણી કરતી તારીખ–૭/૨/૨૦૨૫ ના રોજની નોટીસ ફરીયાદપક્ષે આરોપીને રજી.એડી. થી તે જ રોજ મોકલેલ છે જે નોટીસની કોપી આંક–૨૪ થી રજુ થયેલ છે. જયારે પોસ્ટ ઓફિસની નાણા ભર્યાની પહોંચ આંક–૨૫ થી આંક–૨૭ સુધી રજુ થયેલ છે. જયારે આ કામે આરોપીપક્ષે તેઓને ચેકના નાણાની માંગણી કરતી નોટીશ મળેલી નથી તેવો બચાવ લીધેલ નથી. આમ, ફરીયાદવાળો ચેક પરત ફર્યાની તારીખથી ૩૦(ત્રીસ)દિવસમાં ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યાની જાણ લેખીતમાં કરી, ચેકની રકમની માંગણી કરેલ છે તે હકીકત ફલીત થાય છે. તે પ્રમાણે નોટીસ મળી ગયાના પંદર દિવસમાં ચેક આપનારે ચેકની રકમ ચેક ધારણ કરનાર અથવા ચેકમાં લખેલ રકમ ચેકમાં લખેલ નામવાળી વ્યકિતને ચુકવી દેવી જોઇએ. આમ, આરોપીને નોટીસ મળ્યાના ૧૫(પંદર) દિવસની અંદર રેકર્ડ મુજબ આરોપી દ્વારા નોટીસ મુજબની કોઇ રકમ ફરીયાદી ને ચુકવી આપેલાની હકીકત રેકર્ડ પર નથી. આમ, ઉપરોકત તમામ પુરાવાઓના આધારે એ હકીકત સાબિત થાય છે કે, ફરીયાદીએ કલમ–૧૩૮ ની તમામ આવશ્યક જોગવાઇઓનુ પાલન કરેલ છે.

(૮) આમ હાલના કામે ફરીયાદપક્ષે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તમાં આવશ્યક તત્વો સાબિત કરેલા છે. આ સંજોગોમાં કલમ–૧૩૯ મુજબનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહે છે. એટલે કે, તકરારી ચેક કાયદેસરના દેવા પેટે ફરીયાદીએ મેળવ્યો હશે તે અંગેનુ અનુમાન અદાલતે કરવાનુ હોય છે. આ ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતે Rangappa v. Sri Mohan **(2010) 11** SCC **441** ના કેસમાં ઠરાવેલ છે કે, વિરૂધ્ધનુ પુરવાર ના થાય ત્યાં સુધી તકરારી ચેક ફરીયાદીએ કાયદેસરના લેણા પેટે મેળવેલ હશે તે મુજબનુ અનુમાન અદાલતે કરવાનુ રહે છે પરંતુ આ અનુમાનનુ ખંડન થઇ શકે છે. એટલે કે, કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન આરોપીપક્ષ કરી શકે છે અને તેના માટે આરોપીપક્ષે કોઇ પુરાવો આપવાની કે જાતે વિટનેશ બોક્ષમાં હાજર થઇને સોગંદ પર જુબાની આપવાની જરૂર નથી. પરંતુ ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં જે કોઇ આધાર પુરાવો રજુ કરેલ

હોય તેના આધારે મજબુત શંકા ઉતપન્ન થાય તેવી હકીકત રેકર્ડ પર લાવવાની છે. આમ, ફરીયાદપક્ષે જે કોઇ પુરાવો રજુ કરેલ હોય તે પુરાવાના અનુસંધાને આરોપીપક્ષ તેનુ ખંડન કરવામાં સફળ થાય તો તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવાનો હોય છે એટલે કે કલમ–૧૩૮ માનાં તમામ આવશ્યક તત્વો સાબિત કરીને તકરારી ચેક આરોપીએ કાયદેસરના દેવા પેટે આપેલ હતો તે હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવાની રહે છે. આમ, ઉપરોકત જે હકીકતો છે તેના અનુસંધાનમાં હાલના કામે ફરીયાદપક્ષે જે કોઇ પુરાવો રજુ કરેલ છે તે તથા તેના અનુસંધાને રેકર્ડ જોતા, તકરારી ચેકોમાં આરોપીની સહી નથી કે તે આરોપીના ખાતાના નથી તેવો આરોપીનો બચાવ નથી,પરંતુ જણાવેલ છે કે,આરોપીએ માત્ર કમીશનથી માલ વેચાણ કરવા માટે રાખેલો અને વેચાણ થયેથી ફરીયાદીને રકમ ચુકવવાની હતી જયારે ફરીયાદીએ સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરેલો છે. વધુમાં આરોપીપક્ષે ફરીયાદીના આંક–૪ વાળા મૌખિક પુરાવાને ઉલટતપાસ કરીને પડકારેલ છે તેમાં ફરીયાદીએ જણાવેલ છે કે,*એ વાત ખરી છે કે આરોપી સાથે ડુંગળી વેચાણ અંગેનો વ્યવહાર હતો. એ વાત ખરી નથી કે,ડુંગળીની સીઝન બાદ ડુંગળીના ભાવ એકદમ ઘટી ગયેલા અને મે નકકી કરેલ રકમ કરતા ઓછી રકમ મને મળતી હતી જેથી મે આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે.* આમ ફરીયાદીનો પુરાવો તથા આરોપીના ઉપરોકત બચાવ ને ઘ્યાને લેતાં, ફરીયાદી અને આરોપીની વચ્ચે વેપારિક સંબધ હોવાની હકકીતને સમર્થન મળે છે તથા આ વ્યવહાર પેટે જ આરોપીએ તકરારી ચેક આપેલા છે. હવે આ કામે આરોપીએ મુખ્યત્વે બચાવ લીધેલો છે કે તેઓએ કમીશનથી માલ વેચાણ કરવા માટે રાખેલ અને વેચાણ થયેથી નાણા ફરીયાદીને આપવાના હતા. આમ આરોપીએ ફરીયાદીની પાસેથી માલ લીધેલ હતો તે હકીકત પણ બીનતકરારી બને છે, વધુમાં ફરીયાદપક્ષે સાહેદ મહેશભાઇ હમીરભાઇ જાદવે આંક–૩૩ થી પુરાવો આપેલ છે તેમાં તેઓએ આંક–૧૨ વાળા બીલ મુજબ માલ ફરીયાદીને વેચાણ આપેલાનો પુરાવો આપેલ છે. તે જ પ્રમાણે સાહેદ હરેશભાઇ કાળુભાઇ બોરીચાએ આંક–૩૪ થી મૌખિક પુરાવો રજુ કરેલો છે તેમાં તેઓએ આંક–૧૩ વાળા બીલથી ફરીયાદીએ માલ આપેલાનો પુરાવો રજુ

કરેલો છે.આમ ફરીયાદીએ આરોપીને ડુંગળી આપેલાની હકીકતને ઉપરોકત બંને સાહેદોના પુરાવાથી સમર્થન મળે છે.

હવે આરોપીના બચાવ મુજબ તેઓએ માત્ર કમીશનથી માલ વેચવા માટે રાખેલાનો તથા વેચાણ થયેથી ફીરયાદીને નાણા આપવાના હતા તથા આ માલ વેચાયેલ ન હતો તે તમામ હકીકતો સાબિત કરવાનો બોજો આરોપીપક્ષ ઉપર રહેલો છે પરંતુ કમીશનથી વેચાણ કરવા માલ ખરીદ કરેલાની હકકીત દર્શાવતો કોઈ પુરાવો રજુ થયેલો નથી કે ફરીયાદમાં જણાવેલ માલ વેચાણ થયેલ નથી તેવો પણ કોઈ પુરાવો આ કામે આરોપીએ રજુ કરેલો નથી. વધુમાં આરોપીપક્ષે આંક–૩૮ વાળી લેખિત દલીલના સમર્થનમાં Swastik Paper & Packaging Vs. Amit Upadhyay (2019)260 DLT 130 ના કેસનુ જજમેન્ટ રજુ કરેલ છે તેમાં નામદાર દિલ્હી વડી અદાલતે ઠરાવેલ છે કે,

8.From the matirial placed on record it is evident that the petitioner purchased goods from the respondent on 15 occasions and kept on paying those in regular intervals leaving aa balance of Rs.2,68,4781/- on 24th March 2011.After this the petitioner claimed to have sold goods to the respondent on 29th April 2011 and 30th April 2011 through two invoices which are not countersigned by the respondent despite that being the usual practice of the petitioner of countersigning the invoices whether he purchased goods from the respondent.The chose not to produce any book of accounts in support of the invoices filed by him yet admitting the last sale by the respondent and adjustment of Rs.35,983/-.

9.On the facts as noted above on case for interference by this Court is made out.

ઉપરોકત જજમેન્ટ વાળા કેસમાં ટ્રાયલ અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવેલ હતા તે હુકમને નામદાર વડી અદાલતે કાયમ કરેલ છે. પરંતુ ઉપરોકત જજમેન્ટ વાળા કેસની હકીકતોના અનુસંધાનમાં હાલના કેસની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદી અને આરોપીની વચ્ચે વ્યાપારિક સંબધ છે તથા ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ ડુંગળી આરોપીને આપેલી છે જે આરોપીને મળેલ નથી તેવો આરોપીનો બચાવ નથી. આમ આરોપીપક્ષે રજુ કરેલ ઉપરોકત જજમેન્ટ તેઓના બચાવને મદદરૂપ થતુ નથી. આમ બંને પક્ષકારો ધ્વારા રજુ થયેલ તમામ પુરાવાની ઉપરોકત ચર્ચાને અંતે આરોપીપક્ષ ફરીયાદીની તરફેણમાંના અનુમાનનુ ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં.–૧ નો જવાબ હકારમાં આપીને આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના હેઠળ દોષિત ઠરાવવામાં આવે છે.

(૯) સદર કામે ઉપર જણાવ્યા મુજબ આરોપીને નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે અને સજા બાબતે આરોપીને સાંભળવા માટે રાખેલ છે. આરોપીના વિ.વ.શ્રીએ ઓછી સજા કરવા વિનંતી કરેલ છે જયારે ફરીયાદીના વિ.વ.શ્રી હાજર હોય તેઓને સાંભળવામાં આવેલ છે તેઓએ આરોપીને મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦) સદર કામે રેકર્ડ વંચાણે લેતા આ કામના આરોપી સાામે જે કેસ ચલાવવામાં આવેલ છે તેમાં આરોપીને પોતાનો બચાવ કરવાની પુરેપુરી તક આપવામાં આવેલ છે. જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાના આધારે તેનુ મુલ્યાંકન કરીને અદાલતે આરોપીને દોષીત ઠરાવેલ હોય, હાલના કેસને હળવાશથી લઇ શકાય નહિ. હાલના સમયમાં આર્થિક વ્યવહારમાં ચેકનુ મહત્વ ઘણુ જ વધી ગયેલ છે અને વેપાર વાણિજયમાં ચેક એ અગત્યનુ ઇન્સ્ટ્રુમેન્ટ છે તેવા સંજોગોમાં જો ચેક નકારવામાં આવે અને તે અંગેના કેસોમાં આરોપીને

દોષીત ઠરાવ્યા બાદ જો તે ગુન્હાને હળવાશથી લેવામાં આવે તો વેપાર–વાણિજય ક્ષેત્રે આર્થિક અંધાધુધી ફેલાય અને આરોપી દ્રારા અપાતા ચેકોની ગરીમા જળવાય નહિ પરંતુ ગુન્હાનુ સ્વરૂપ અને ગંભીરતાને ઘ્યાને લેતા કેસના ન્યાયીક નિકાલ માટે મુદા નં.ર સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– આ ખ રી હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીનં.–૩ **અંકિતભાઈ કાબાભાઈ ખોડીફાડ,રહે–મહુવા જી.ભાવનગર**વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૨૭૮(૨) મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુન્હા સબબ **૦૧(એક)** વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ આંક–૧૮ તથા આંક–૨૧ વાળા ચેકની રકમ જેટલા નાણા ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા જો તેમ કરવામાં આરોપી નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને આ હુકમની એક નકલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪(૧) અન્વયે વિના મુલ્યે આપવી.

આ હુકમ આજરોજ **તા.૧૭ મી, માહેઃ–એપ્રીલ,સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગોંડલ. **(મેહુલ દેવદાસભાઈ પરમાર)**

તારીખઃ૧૭/૦૪/૨૦૨૬ એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોં ડ લ.

(એમ.બી.વિસાાણી) **(G.J-01036)**